આજની પ્રાર્થના....
ધર્મ અમારો એક માત્ર એ 'સર્વધર્મ સેવા' કરવી, ધ્યેય અમારું છે માનવતા, વિશ્વમહી એને ભરવી...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬૪ | ૧૫ મે, ૨૦૨૧, શનિવાર; વૈશાખ સુદ - ૪ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦


# તૌકતે વાવાઝોડાની ગુજરાત તરફ ગતિ



**તૌકતે વાવાઝોડાનીની તાકાત વધી, ગુજરાત તરફ આવી રહ્યું છે : જાફરાબાદની ૭૦૦ જેટલી બોટો હજુ મધદરિયામા : જામનગરમા હજી ૧૮૫ જેટલી માછીમારી બોટ દરિયામાં છે, અત્યાર સુધી ૩૭ જેટલી બોટો દરિયાકાંઠે આવી ગઈ**

અમદાવાદ,તા.૧૪

આ વર્ષનું પહેલુ વાવાઝોડું ગુજરાતમાં ત્રાટકવાનું છે. તૌકતે વાવાઝોડ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. આજે સવારે લક્ષદ્વીપ વિસ્તારમાં ડિપ્રેશન બની ગયું છે. આગામી ૧૨ કલાકમાં ડિપ-ડિપ્રેશન બનશે અને આવતીકાલે સાયક્લોનમાં તબદીલ થશે. ગુજરાતના દરિયાઈ વિસ્તાર ખાતે ૧૮ તારીખે સવારે વાવાઝોડું પહોંચશે. આ વાવાઝોડા વચ્ચે દરિયા કાંઠાના તમામ માછીમારોને પરત ફરવાની સૂચના આપી દેવાઈ છે. તેમજ ૧૬ તારીખથી દરિયો ના ખેડવા સૂચના અપાઈ છે. વાવાઝોડાની અસર રૂપે દક્ષિણ અમદાવાદમાં પણ વરસાદ પડી શકે છે. અદાવાદમાં સામાન્ય વરસાદની શક્યતા છે. જામનગરમા હજી પણ ૧૮૫ જેટલી માછીમારી બોટ દરિયામાં છે. અત્યાર સુધી ૩૭ જેટલી બોટો દરિયાકાંઠે આવી ગઈ છે. જામનગરમાં કુલ ૨૨૨ જેટલી માછીમારી બોટ છે. જેમાંથી ૧૮૫ જેટલી માછીમાર બોટ દરિયાકાંઠે આવવાની બાકી છે. જામનગરમાં તૌકતે સાયક્લોનની સંભવિત અસરોને પહોંચી વળવા જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યુ છે. દરેક તાલુકામાં કલાસ-૧ અધિકારીઓની લાયઝન ઓફિસર તરીકે નિમણૂક કરાઈ છે. રાઉન્ડ ધ ક્લોક કંટ્રોલ રૂમ બનાવાયો છે. જેમાં આશ્રયસ્થાનો, નીચાણવાળા વિસ્તારોના લોકોનું સ્થળાંતર, વીજ પુરવઠો, દવાઓ, બચાવ અને રાહત કામગીરી સહિતના મુદ્દે તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ છે. અમરેલીમાં વાવાઝોડાને લઈ જાફરાબાદના માછીમારોને બોટ સાથે પરત બોલાવવા સૂચના ગઈ કાલે આપી દેવાઈ હતી. જાફરાબાદની ૭૦૦ જેટલી બોટો હજુ પણ મધદરિયામા છે. જેમનો સંપર્ક નથી થઈ રહ્યો. બોટ એસોસિએશન પ્રમુખ કનેયાલાલ સોલંકીએ જણાવ્યું કે, સરકારને વાંરવાર રજૂઆતો કરી વરસાદી વાતાવરણમા વાયરલેસ બંધ થાય છે. જેના કારણે બોટો સમયસર પહોંચતી નથી. સેટેલાઈટ ફોન હોય તો તાત્કાલિક દરિયાકાંઠે માછીમારો બોટો સાથે પહોંચી શકે છે.

# અમેરિકામાં બંન્ને ડોઝ લેનારને માસ્કમાંથી મુક્તિ

**અમેરિકા કોરોનામુક્ત બનવા તરફ આગળ વધ્યુ, રસીના બંન્ને ડોઝ લેનારને સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કમાંથી મુક્તિ અપાઇ**

વોશિંગ્ટન,તા.૧૪

કોરોના સંક્રમણની થપાટ ખાઈ ચુકેલું અમેરિકા હવે તેને માત આપતું નજરે ચડી રહ્યું છે. યુએસ સેન્ટર ફોર ડીસિઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (સીડીસી)ના કહેવા પ્રમાણે અમેરિકામાં વેક્સિનના બંન્ને ડોઝ લઈ લીધા હોય તે લોકો હવે માસ્ક પહેર્યા વગર અથવા તો ૬ ફૂટના અંતરથી પોતાની ગતિવિધિઓ કરી શકશે.

અમેરિકાની કુલ સંખ્યા ૩૩.૧ કરોડની છે. માહિતી પ્રમાણે, અમેરિકામાં અત્યાર સુધીમાં ૨૬.૫ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી છે. તેમાંથી ૧૨ કરોડ લોકો ફુલી વેક્સિનેટેડ છે. આમ, અત્યારે હાલ અમેરિકાની કુલ વસતિના ૩૬% લોકો ફુલી વેક્સિનેટેડ થઈ ગયા છે. જો કે, આ નિયમ જે વિસ્તારમાં હાલ વેક્સિનેશનની પ્રક્રિયા ચાલી રહી છે અથવા તો સરકારે જ્યાં હજુ પણ પ્રતિબંધ મુકેલો છે ત્યાં લાગુ નહીં થાય. અમેરિકામાં મોટા પાયે વેક્સિનેશનની કામગીરી થઈ છે. અમેરિકામાં મોટા ભાગે તમામ વયસ્કોને વેક્સિન આપવાનું કામ પૂરૂ થઈ ચુક્યું છે અને તાજેતરમાં જ બાળકોને વેક્સિનેશનની મંજૂરી આપવામાં આવી છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને આ મુદ્દે સીડીસીની ખુલ્લા દિલે પ્રશંસા કરી હતી. બાઈડને કહ્યું હતું કે, મને થોડા સમય પહેલા જ ખબર પડી કે સીડીસીએ વેક્સિનના બંને ડોઝ લઈ લીધા હોય તે લોકો માટે માસ્કની અનિવાર્યતા હટાવી લીધી છે. આ એક મોટી ઉપલબ્ધિ છે.



# ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં NDRFની ૫૩ ટીમો તૈનાત

નવી દિલ્હી, તા. ૧૪

અરબી સમુદ્રમાં ઉદ્ભવેલા હવાના હળવા દબાણને પગલે સંભવિત 'તૌકતેલ્લ વાવાઝોડું આગામી દિવસોમાં ગુજરાત સહિત કેટલા રાજ્યોના દરિયાકાંઠે ટકરાવાની સંભાવના છે. વાવાઝોડાના ખતરાને પગલે અગમચેતીરૂપે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) દ્વારા ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં એનડીઆરએફની ૫૩ ટીમો તૈનાત કરી છે. એનડીઆરએફના ડિરેક્ટર જનરલ એસ એન પ્રધાને ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, આ ટીમો કેટલાક રાજ્યોના દરિયાકાંઠે તૈનાત કરાઈ છે. ગુજરાત ઉપરાંત કેરળ, કર્નાટક, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં ટીમો એલર્ટ કરવામાં આવી છે. અત્યારે ૨૪ ટીમોને પૂર્વતૈયારી માટે મોકલી દેવામાં આવી છે અને અન્યને એલર્ટ રાખવામાં આવી છે. એનડીઆરએફની એક ટીમમાં ૪૦ વ્યક્તિઓનો સમાવેશ થાય છે અને તેઓ ઝાડ તેમજ થાંભલા કાપવાના કટર, બોટ, પ્રાથમિક આરોગ્ય સામગ્રી તેમજ અન્ય રાહત અને બચાવના સાધનો સાથે રાખે છે. હવામાન વિભાગની આગાહી મુજબ અરબી સમુદ્રમાં દક્ષિણપશ્ચિમ બાજુએ હળવું દબાણ સર્જાયું છે જે વાવાઝોડામાં રૂપાંતરિક થઈ કેટલાક રાજ્યોના દરિયાકાંઠા સાથે અથડાઈ શકે છે. શનિવાર સવાર સુધીમાં આ દબાણ ડીપ્રેશનમાં તબદીલ થઈ શકે છે અને ૨૪ કલાક બાદ તે સાયક્લોનિક સ્ટોર્મમાં રૂપાંતર થવાની આગાહી છે. આ વાવાઝોડું ૧૮ મે સાંજ સુધીમાં ગુજરાતના દરિયાકાંઠા તેમજ પાકિસ્તાનના કાંઠા તરફથી ફંટાવાની શક્યતા છે.

# ઈઝરાયલે ગાઝા સરહદ પર ૯૦૦૦ સૈનિકો ખડકી દીધા

**ઈઝરાયેલના પગલાંથી સંઘર્ષ વધુ ઉગ્ર બનવાનાં એંધાણ, સેના ગાઝા સરહદ ઓળંગશે તો સ્થિતિ વધુ સ્ફોટક બનશે**

નવી દિલ્હી, તા. ૧૪

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના સંગઠન હમાસ વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી લોહિયાળ



સંઘર્ષ ચાલી રહ્યો છે અને તેમાં હવે ઈઝરાયેલે ગાઝા બોર્ડર પર મોટી સંખ્યામાં પોતાના સૈનિકો મોકલવાનુ એલાન કર્યુ છે. જેના કારણે આ સંઘર્ષ વધારે ઉગ્ર બને તેવા એંધાણ મળી રહ્યા છે

અત્યાર સુધી હમાસ દ્વારા ઈઝરાયેલના વિવિધ શહેરો પર રોકેટસ લોન્ચ કરવામાં આવી રહ્યા હતા અને ઈઝરાયેલે તેનો જવાબ સામે હવાઈ હુમલા કરીને આપ્યો હતો.જોકે હવે ઈઝરાયેલે પોતાના ૯૦૦૦ સૈનિકોને સંભવિત જમીની આક્રમણ માટે તૈયાર રહેવા કહ્યુ છે. જો ઈઝરાયેલના સૈનિકોએ ગાઝામાં બોર્ડર ઓળંગીને કાર્યવાહી કરી તો પરિસ્થિતિ વધારે સ્ફોટક પણ બની શકે છે.

ઈજિપ્ત દ્વારા હમાસ અને ઈઝરાયેલ વચ્ચેના ઘર્ષણમાં યુધ્ધ વિરામ કરાવવાનો પ્રત્ન થઈ રહ્યો છે પણ વાત આગળ વધી રહી નથી. બીજી તરફ ઈઝરાયેલમાં આરબો અને યહૂદીઓ વચ્ચે છેલ્લા ચાર દિવસથી કોમી હિંસા પણ ફાટી નીકળી છે. લોડ શહેરમાં ઠેર ઠેર જૂથ અથડામણો થઈ છે અને પોલીસની મોજુદગી વધાર્યા પછી પણ અહીંયા હિંસા ચાલુ છે. દાયકાઓ બાદ આ પ્રકારની હિંસા જોવા મળી રહી છે.

# દેશમાં કેસમાં ઘટાડો પરંતુ મૃત્યુઆંક ચિંતાનજક

**નવા ૩,૪૩,૧૪૪ દર્દીઓ નોંધાયા, ૪૦૦૦ લોકોનાં મોત : મૃત્યુનો આંકડો ૨૬૨૩૧૭ પર પહોંચી ગયો છે, રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૩૭,૦૪,૮૯૩ લોકોને રસી આપવામાં આવી છે**

નવી દિલ્હી,તા.૧૪

કોરોના વાયરસની બીજી લહેરનું તાંડવ દેશભરમાં ચાલુ છે અને રોજે રોજ લગભગ ૪ હજાર જેટલા લોકો આ મહામારીના કારણે પોતાનો જીવ ગુમાવી રહ્યા છે. કોવિડ-૧૯ના નવા કેસમાં થોડો ઘટાડો જરૂર થયો છે પરંતુ મોતનો આંકડો હજુ પણ



ચિંતાજનક છે. દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩.૪૩ લાખથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે ૪૦૦૦ લોકોના મૃત્યુ થયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ દેશભરમાંથી કોરોના વાયરસના નવા ૩,૪૩,૧૪૪ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૨,૪૦,૪૬,૮૦૯ પર પહોંચ્યો છે. જેમાંથી ૨,૦૦,૭૯,૫૯૯ લોકો ડિસ્ચાર્જ થયા છે. કોરોનાને માત આપીને એક દિવસમાં ૩,૪૪,૭૭૬ લોકો રિકવર થયા. કોરોનાએ છેલ્લા ૨૪ કલાકમાં ૪૦૦૦ લોકોનો ભોગ લીધો. આ સાથે કુલ મૃત્યુનો આંકડો ૨,૬૨,૩૧૭ પર પહોંચી ગયો છે. દેશમાં ચાલી રહેલા રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૩૭,૦૪,૮૯૩ લોકોને રસી આપવામાં આવી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ સમગ્ર દેશમા કોરોનાના ૧૮,૭૫,૫૧૫ ટેસ્ટ કરાયા હતા. આ સાથે અત્યાર સુધીમાં કરાયેલા કોરોના ટેસ્ટનો આંકડો ૩૧,૧૩,૨૪,૧૦૦ પર પહોંચી ગયો છે. રાજ્ય આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડા મુજબ ૨૪ કલાકમાં રાજ્યભરમાંથી કોરોનાના નવા ૧૦,૭૪૨ દર્દીઓ નોંધાયા છે.

# કોરોના અદ્રશ્ય દુશ્મન, તમામે ભેગા મળીને લડવાનું છે : મોદી

**વડાપ્રધાન મોદીનું વિડિયો કોન્ફરન્સિંગથી ખેડૂતોને સંબોધન**

નવી દિલ્હી, તા. ૧૪

દેશમાં હાહાકાર મચાવનાર કોરોના સંક્રમણ અંગે પીએમ મોદીએ આજે પોતાની લાગણી દેશવાસીઓ સમક્ષ વ્યક્ત કરી હતી. આજે પીએમ મોદીએ દેશના ખેડૂતોના બેક્ર એકાઉન્ટમાં ૧૯૦૦૦ કરોડ રુપિયાથી વધારે રકમ ટ્રાન્સફર કરી હતી.આ પ્રસંગે પીએમ મોદીએ વિડિયો કોન્ફરન્સિંગથી ખેડૂતોને સંબોધન કર્યુ હતુ અને સાથે સાથે કોરોના સામે લડવા માટે લોકોને હિંમત રાખવાનો સંદેશ પણ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, કોરોના દેશનો અદ્રશ્ય દુશ્મન છે અને બહુરુપી પણ છે. જેની સામે આપણે બધાએ ભેગા મળીને લડવુ પડશે.ભારત હાર નહીં માનનારો દેશ છે અને મને પૂરો વિશ્વાસ છે કે, ભારત આ વાયરસનો દ્રઢતાથી સામનો કરશે.કોરોના વાયરસ આપણી પરીક્ષા લઈ રહ્યો છે પણ આપણે હારવાનુ નથી. કોરોના મહામારી દરમિયાન દેશના લોકો જે સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે તેનો મને અહેસાસ છે. સરકાર કોરોનાની લડાઈમાં જેટલા પણ વિઘ્નો છે તેને દૂર કરવા માટે કામ કરી રહી છે. છેલ્લા કેટલાક સમયથી દેશવાસીઓ જે સહન કર્યુ છે, તેઓ જે તકલીફમાંથી પસાર થયા છે તે હું સારી રીતે સમજી શકું છું. તેઓ જે દુખ અનુભવી રહ્યા છે તે જ દુખ હું પણ અનુભવી રહ્યો છું.

# ભારત બાયોટેકના ૫૦ કર્મી કોરોના પોઝિટિવ

હૈદરાબાદ, તા. ૧૪

ભારત બાયોટેકના ૫૦ કર્મચારી કોવિડ પોઝિટિવ હોવાની માહિતી કંપનીના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર સુચિત્રા એલાએ આપી છે. તેમણે કહ્યું હતું કે, સોશિયલ મીડિયા પર કેટલાકે આવા કર્મનિષ્ઠ સ્ટાફની પ્રશંસા કરી છે તો કેટલાકે એવી ટીકા કરી છે કે તેમને વેક્સિન આપવામાં કેમ નહોતી આવી.

કેટલાક રાજકીય નેતાઓ દ્વારા કોવેક્સિનના સપ્લાયની સમસ્યા અંગે કરાયેલી ટિપ્પણી અંગે એલાએ બુધવારે ટ્વિટ કરી હતી કે, કેટલાક રાજ્યો અમારા ઈરાદા સામે પ્રશ્નો કરી રહ્યા છે એ અમારી ટીમ માટે બહુ નિરાશાજનક છે. કોવિડને કારણે અમારા ૫૦ કર્મચારી કામ પર નથી છતાં અમે લોકડાઉનમાં પણ તમારા માટે ૨૪ કલાક કામ કરી રહ્યા છીએ. તેમની ટ્વિટના જવાબમાં એક યુઝરે પ્રશ્ન કર્યો હતો કે, તમારા ૫૦ કર્મચારીને કોવિડ કેવી રીતે થયો? તેમને વેક્સિન આપવામાં નહોતી આવી? તમે કામચલાઉ ધોરણે વધુ લોકોને કામ પર કેમ રાખતા નથી?'' એલાની ટ્વિટને ૯,૩૭૩ લાઈક્સ મળી હતી અને ૨,૫૬૪ લોકોએ તેને રિટ્વિટ કરી હતી.

# ભારતમાં વેક્સિન સ્પૂતનિકના એક ડોઝની કુલ કિંમત ૯૯૫ રૂપિયા

હૈદરાબાદ, તા. ૧૪

ભારતમાં રશિયન કોરોના વેક્સિન સ્પુતનિકનું પ્રોડક્શન કરનારી ફાર્મા કંપની ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીએ તેની કિંમત જાહેર કરી દીધી છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ વેક્સિનના એક ડોઝની કિંમત ૯૪૮ રુપિયા રહેશે, અને તેના પર પાંચ ટકા જીએસટી અલગથી લાગશે. આમ, તેની ફાઈનલ કિંમત રુ. ૯૯૫ની આસપાસ રહેશે. આજે હૈદરાબાદમાં પાયલોટ પ્રોજેક્ટના ભાગરુપે આ વેક્સિનનો પહેલો ડોઝ આપવામાં આવ્યો હતો.

કંપનીએ સ્ટોક એક્સચેન્જોને આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે આ વેક્સિનનું સોફ્ટ લોન્ચ આજે કરવામાં આવ્યું હતું. આ વેક્સિનના રશિયાથી આવેલા ડોઝની કિંમત ૯૪૮ રુપિયા વત્તા પાંચ ટકા જીએસટી થાય છે. રસીનું લોકલ સ્તરે પ્રોડક્શન શરુ થાય બાદ તેની કિંમતમાં ઘટાડો થવાની શક્યતા છે.


FIGHT CORONA
Maunil Shah
M. 90998 72551
Sanitization & Disinfection
સેનેટાઈઝ સર્વિસ
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરન્ટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.
Portable Oxygen Cans Available For Emergency use
All COVID Fight Products Available

શ્રધ્ધાદીપ ડાયેગ્નોસ્ટીક્સ
કોરોનાના લીધે હૃદય પર થતી અસર અને આડઅસરના માટે
ફ્રી નિદાન કેમ્પ
(એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી છે.)
DR. BONNY GAJJAR (MD, DM)
Consultant Interventional Cardiology
8980009499 | 9409583530
- હૃદયની તપાસ
- ECG
- ECHO
- TMT
- ડોક્ટર કન્સલટેશન
પ્લોટ નં-૩૨૮, ૩૨૯, સેક્ટર-૧૬, ICICI બેંકની પાછળ, ગાંધીનગર.
Date : 16th May 2021, Sunday
Time : 9:00 am to 1:00 pm